

## પ્રો. જાહિદહુસૈન જી. ચૌહાણ

**આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર વિભાગ**

પ્રો. જે. જી. ચૌહાણે તેમની કારકિર્દીની શરૂઆત ૧૯૯૨થી મખદુમ હાઈસ્કૂલ મોડાસામાં મદદનીશ શિક્ષક તરીકે કરી. ત્યાર બાદ તા. ૧૯-૦૧-૧૯૯૪થી તા. ૩૧-૦૮-૧૯૯૪ સુધી સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, મેઘરજમાં ખંડસમયના વ્યાખ્યાતા તરીકે કાર્ય કર્યું. ત્યાર બાદ તા. ૦૧-૦૯-૧૯૯૪થી તા. ૦૭-૦૭-૨૦૦૯ સુધી પૂર્ણ સમયના અધ્યાપક તરીકે એ જ કૉલેજમાં અધ્યાપકતરીકે કાર્ય કર્યું અને તે જ સમયગાળામાં વર્ષ ૨૦૦૩-૦૪થી ૨૦૦૮-૦૯ સુધી મોડાસા કૉલેજ પી. જી. વિભાગમાં સેવા આપેલી. ત્યાર બાદ તા. ૦૮-૦૭-૨૦૦૯થી સમર્પણ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગરમાં અર્થશાસ્ત્ર વિષયમાં પૂર્ણ સમયના અધ્યાપક તરીકે સેવા આપે છે. સાથે સાથે સરકારી વિનયન કૉલેજ, સેક્ટર-૧૫, ગાંધીનગર ખાતે ૨૦૦૯થી પી. જી. વિભાગમાં સેવાઓ આપે છે.

શ્રી જે. જી. ચૌહાણે ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં સમાવિષ્ટ મોડાસા આર્ટ્સ કૉલેજમાંથી ૧૯૯૦માં સ્નાતકનો અભ્યાસ કરીને બી.એ.ની ડિગ્રી પ્રાપ્ત કરી. ૧૯૯૨માં ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં સમાવિષ્ટ મોડાસા આર્ટ્સ કૉલેજમાંથી એમ.એ.ની ડિગ્રી પ્રાપ્ત કરી.

પ્રો. જે. જી. ચૌહાણે આઠ જેટલા જુદા જુદા અભ્યાસલેખો મૅગેઝિનમાં અને પુસ્તકમાં પ્રકાશિત કરેલા છે અને ૪૫ જેટલા નૅશનલ, ઇન્ટરનૅશનલ સેમિનાર, વર્કશોપમાં હાજરી આપીને સંશોધનલેખ પ્રસ્તુત કર્યા છે. સ્વવિકાસ માટે ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ, વિવિધ વર્કશોપ અને ટ્રેનિંગ પ્રોગ્રામમાં ભાગ લીધેલા છે.

પ્રો. જે. જી. ચૌહાણે એપ્રિલ-મે ૨૦૧૦થી ૨૦૧૭ દરમિયાન યોજાયેલ ગુજરાત યુનિવર્સિટી પરીક્ષામાં કેન્દ્ર સંચાલક તરીકે અને કૉલેજની આંતરિક પરીક્ષાઓમાં કૉ-ઑર્ડિનેટર તરીકે સેવા આપેલી. આ ઉપરાંત ગુજરાત સરકાર દ્વારા લેવાતી પરીક્ષા નામદાર હાઈ કોર્ટ દ્વારા પોસ્ટ, નગરપાલિકા દ્વારા લેવાતી પરીક્ષાઓમાં કેન્દ્ર સંચાલક તરીકે સેવા આપેલી છે તેમજ કૉલેજની વિવિધ કમિટીઓ જેમ કે NSS, ED Cell, Budget, Infrastructure જેવી કમિટીમાં કાર્યરત છે.



વિદ્યાર્થી સજ્જતા શિબિર : વર્ષ - ૨૦૧૮-૧૯
તા. ૧૫-૯-૨૦૧૮ - અર્થશાસ્ત્ર વિભાગ



તા. ૧૫-૭-૨૦૧૯ અર્થશાસ્ત્ર વિભાગ, ઈન્ડક્શન પ્રોગ્રામ



આદિપુર કૉલેજ પીયર ટીમ સમક્ષ રજૂઆત
(તા. ૬-૩-૨૦૧૯)



એસ.આર.સી. સમિતિ સંદર્ભે નેક પીયર ટીમ સમક્ષ રજૂઆત
તા. ૬-૩-૨૦૧૯



એસ.આર.સી. સમિતિની મીટિંગ
તા. ૨૦-૯-૨૦૧૯



બ્રીજકોર્સ (અર્થશાસ્ત્ર વિભાગ)
તા. ૧૬-૭-૨૦૧૯



એસ.આર.સી. મીટિંગ સંયોજક



વિશિષ્ટ સેવા સન્માન